# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 02-03-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SUNDAY** **National News**

આકાશવાણી સમાચાર કરન મકવાણા વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે જામનગરમાં વનતારાની મુલાકાત લીધી અને સોમનાથ મંદિર ખાતે પૂજા અર્ચના કરી

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મહેસાણા જિલ્લાના પિલવાઈ ખાતે નવનિર્મિત વિદ્યાભવનનું લોકાર્પણ કર્યું

3) કેન્દ્રીય મંત્રી ડોક્ટર મનસુખ માંડવિયાએ પોરબંદરનાં બગવદર ખાતે 96 કરોડ રૂપિયાનાં કામોનું લોકાર્પણ કર્યું

4) ઉત્તરાખંડના ચમોલીમાં હિમપ્રપાત દુર્ઘટનાનો મૃત્યુઆંક આઠ થયો

5) મુંબઈની અદાલતે કથિત શેરબજાર છેતરપિંડી કેસમાં SEBI ના ભૂતપૂર્વ અધ્યક્ષ માધવી પુરી બુચ સહિત વરિષ્ઠ અધિકારીઓ સામે FIR નોંધવાનો આદેશ આપ્યો

6) ક્રિકેટમાં, ICC ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભારતે ન્યૂઝીલેન્ડને જીતવા 250 રનનો લક્ષ્યાંક આપ્યો

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત પ્રવાસના બીજા દિવસે આજે જામનગર, સોમનાથની મુલાકાત લીધી હતી.

શ્રી મોદીએ આજે સવારે જામનગરમાં પશુ રાહત અને પુનર્વસન કેન્દ્ર, વનતારાની મુલાકાત લીધી હતી. ત્યારબાદ પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરના દર્શન કરી શાસ્ત્રોક્ત વિધી સાથે જળાભિષેક કરીને પુજા અર્ચના કરી હતી. ત્યારબાદ શ્રી મોદી સાસણ ગીર પહોંચ્યા હતા, જ્યાં તેઓ શ્રી સોમનાથ મંદિર ટ્રસ્ટની બેઠકની અધ્યક્ષતા કરશે.

શ્રી મોદી ગુજરાત પ્રવાસના ત્રીજા અને અંતિમ દિવસે આવતી કાલે સવારે એશિયાઇ સિંહનાં નિવાસસ્થાન ગીર નેશનલ પાર્કમાં સફારી માણશે. ત્યારબાદ વિશ્વ વન્યજીવ દિવસ પ્રસંગે રાષ્ટ્રીય વન્ય જીવ બોર્ડની સાતમી બેઠકમાં ભાગ લેશે. શ્રી મોદી આ બોર્ડના અધ્યક્ષ છે.

. . . . . . . . . . . . . . .

# HM AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે મહેસાણા જિલ્લાના વિજાપુરના પીલવાઈ ખાતે નવનિર્મિત વિદ્યાભવન અને સાંસ્કૃતિક ભવનનું લોકાર્પણ કર્યું. શ્રી શાહે નવનિર્મિત વિદ્યાભવનમાં સ્માર્ટ ક્લાસરૂમ અને કોમ્પ્યુટર લેબ સહિત વિવિધ વર્ગખંડોની મુલાકાત લઈ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો. આ અગાઉ શ્રી શાહે પિલવાઈમાં શ્રી ગોવર્ધનનાથજીની મૂર્તિના પ્રાણપ્રતિષ્ઠા કાર્યક્રમમાં સહભાગી થયા હતા.

. . . . . . . . . . . . .

# MANDVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું કે અન્ય રાજ્યનો વિકાસ કરવા માટે ગુજરાતને રોલ મોડલ તરીકે જોવાઇ રહ્યું છે. પોરબંદરના બગવદર ખાતે 96 કરોડ રૂપિયાથી વધુના કામોનું ઈ-ખાતમૂહુર્ત અને 53 લાખ રૂપિયાથી વધુના કામોના ઈ-લોકાર્પણ સમયે શ્રી માંડવિયાએ આમ જણાવ્યું હતું. શ્રી માંડવિયાએ ઉમેર્યું કે કેન્દ્ર સરકારે ખેડૂતોની ચિંતા કરતાં તાજેતરના બજેટમાં પાક ધિરાણમાં વધારો કરીને પાંચ લાખ રૂપિયા કરવાની જોગવાઈ કરાઇ છે. આ પહેલા શ્રી માંડવિયાએ મોકર સાગર વેટલેન્ડની મુલાકાત લીધી હતી. આજે સવારે શ્રી માંડવિયાએ સન્ડે ઓન  સાયકલ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

. . . . . . . . . . . . .

# CR PATIL NAVSARI

કેન્દ્રીય મંત્રી સી આર પાટીલની ઉપસ્થિતિમાં નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાના ધમડાછા ગામ ખાતે "સરપંચ સાથે સંવાદ" કાર્યક્રમ યોજાયો. આ પ્રસંગે શ્રી પાટીલે સરપંચોને 'જળ સંરક્ષણ – જન ભાગીદારી" અભિયાનમાં જોડાવા અને કેન્દ્ર સરકારની યોજનાઓ લોકો સુધી પહોંચાડવા અપીલ કરી હતી.

આ અગાઉ શ્રી પાટીલે સુરતના લિંબાયત અને ડિંડોલીને સાંકળતા અત્યાધુનિક રેલવે અંડરપાસનું ઉદ્ઘાટન કર્યું.

. . . . . . . . . . . . .

# JITENDRA SINGH

કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંઘની વર્ચ્યુલી ઉપસ્થિતિમાં અમદાવાદ સાયન્સ સિટી ખાતે નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન રજત જયંતી સમારોહ યોજાયો. આ કાર્યક્રમમાં નવપ્રવર્તન ક્ષેત્રે થયેલ પ્રગતિ અને ભવિષ્યની યોજના વિશે ચર્ચા કરાઇ હતી. આ પ્રસંગે શ્રી સિંઘે જણાવ્યું કે GDPમાં ભારત જર્મની અને જાપાનને પાછળ છોડી ચોથા નંબરે અને પછી ત્રીજા નંબરે આવશે.

. . . . . . . . . . . . .

# UTTARAKHAND RESCUE

ઉત્તરાખંડના ચમોલી જિલ્લાના માણા ગામમાં થયેલા હિમપ્રપાતમાં મૃત્યુઆંક વધીને આઠ થયો છે. 28 ફેબ્રુઆરીએ સર્જાયેલી આ દુર્ઘટનામાં કુલ 54 શ્રમિકો ફસાઈ ગયા હતા, જેમાંથી 46ને જીવંત બહાર કાઢવામાં આવ્યા હતા. આજે, છેલ્લાં ગુમ થયેલા શ્રમિકનો મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો છે. આ સાથે બચાવકાર્ય પૂર્ણ થયું છે.

ચમોલીના જિલ્લા મેજીસ્ટ્રેટ સંદીપ તિવારીએ વધુ માહિતી આપીઃ

(BYTE -- SANDEEP TIWARI, DM CHAMOLI)

. . . . . . . . . . . . . . .

# SEBI FIR

મુંબઈની ભ્રષ્ટાચાર વિરોધી વિશેષ અદાલતે કથિત શેરબજાર છેતરપિંડી અને નિયમનકારી ઉલ્લંઘન સંબંધિત કેસમાં સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (SEBI) ના ભૂતપૂર્વ અધ્યક્ષ માધવી પુરી બુચ સહિત વરિષ્ઠ અધિકારીઓ સામે FIR નોંધવાનો આદેશ આપ્યો છે. થાણે સ્થિત પત્રકાર સપન શ્રીવાસ્તવ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પરથી વિશેષ ન્યાયમૂતિ એસ.ઈ. બાંગરે આ આદેશ જારી કર્યો હતો. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે તે તપાસ પર નજર રાખશે અને સંબંધિત અધિકારીઓને કેસનો સ્ટેટસ રિપોર્ટ રજૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો હતો.

ફરિયાદીએ દાવો કર્યો કે સેબી તેની કાયદાકીય ફરજ નિભાવવામાં નિષ્ફળ જતાં નાણાકીય છેતરપિંડી, ઇનસાઇડર ટ્રેડિંગ તથા લિસ્ટિંગ બાદ જાહેર ભંડોળની ઉચાપત થઈ હતી.

. . . . . . . . . . . . . . .

# VICE PRESIDENT KERALA VISIT

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છેકે, વિકસિત ભારત હવે એક સ્વપ્ન નથી, તે આપણો ઉદ્દેશ્ય છે અને દેશના યુવાનો તેમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેઓ આજે તિરુવનંતપુરમમાં ભારતીય વિચાર કેન્દ્રમ દ્વારા આયોજિત ચોથા પી. પરમેશ્વરન સ્મારક વ્યાખ્યાનમાં બોલી રહ્યા હતા.

શ્રી ધનખડે કહ્યું કે, દેશમાં જે કંઈ પણ થઈ રહ્યું છે તે આપણને વૈશ્વિક સ્તરે ગર્વ અપાવી રહ્યું છે. તેમણે ઉમેર્યું કે, ભારત દુનિયાનો એકમાત્ર લોકશાહી દેશ છે જે ગ્રામ્ય સ્તરે સંગઠિત છે.

શ્રી ધનખડે તેલંગાણામાં આઇઆઇટી હૈદરાદબાદમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PRAHLAD JOSHI CWC

કેન્દ્રીય ખાદ્ય અને જાહેર વિતરણ બાબતોના મંત્રી પ્રહલાદ જોશીએ દેશમાં પુરવઠા શૃંખલાઓને મજબૂત બનાવવા અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં સેન્ટ્રલ વેરહાઉસિંગ કોર્પોરેશન- CWCની ભૂમિકાની પ્રસંશા કરી છે. નવી દિલ્હીમાં CWCના 69મા સ્થાપના દિવસની ઉજવણીમાં એક વિડિયો સંદેશમાં તેમણે જણાવ્યું કે CWCએ નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન 21 લાખ ચોરસ ફૂટની વધારાની ખાદ્ય સંગ્રહ ક્ષમતા ઊભી કરી છે.

શ્રી જોશીએ ઉમેર્યું કે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અને પ્રધાનમંત્રી અન્નદાતા આવક સંરક્ષણ અભિયાનના સફળ અમલીકરણમાં CWCની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે. આ પ્રસંગે ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ રાજ્ય મંત્રી બી.એલ. વર્મા અને નિમુબેન બાંભણીયા ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . . . . .

# POVERTY

છેલ્લા દાયકામાં ભારતમાં ગરીબીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે એમ એક અહેવાલમાં જણાવાયું છે. અર્થશાસ્ત્રીઓ સુરજીત એસ ભલ્લા અને કરણ ભસીન દ્વારા પ્રકાશિત આ પત્રમાં 2022-23 અને 2023-24 માટે તાજેતરમાં પ્રકાશિત થયેલા ઘરગથ્થુ ખર્ચના ડેટાનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે.

આ સર્વેક્ષણોના ડેટા ભારતમાં ગરીબીના સ્તરમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે. આ પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે દેશમાં અતિશય ગરીબી નહિવત સ્તરે પહોંચી ગઈ છે. આ પત્રમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ભારતમાં ૨૦૧૧-૧૨ થી ૨૦૨૩-૨૪ સુધીના છેલ્લાં બાર વર્ષોમાં અસમાનતામાં તીવ્ર ઘટાડો થયો હોવાના મજબૂત પુરાવા છે.

. . . . . . . . . . . . . . .

# CHAMPIONS TROPHY

દુબઈમાં રમાઈ રહેલી આઇસીસી ચેમ્પિયન્સ ક્રિકેટ ટ્રોફીમાં ભારતે જીત માટે આપેલા 250 રનનાં લક્ષ્યાંકનાં જવાબમાં  છેલ્લા સમાચાર પ્રમાણે ન્યૂઝીલેન્ડની ટીમે 20 ઓવરમાં 2 વિકેટ ગુમાવી 80 રન કર્યા છે.

આ અગાઉ ભારતે 9 વિકેટ ગુમાવી 249 રન કર્યાં હતાં. સૌથી વધુ 79 રન શ્રેયસ ઐયરે કર્યા હતા. જ્યારે હાર્દિક પંડયાએ 45 અને અક્ષર પટેલે 42 રનનું યોગદાન આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, બંને ટીમ સેમી ફાઇનલમાં પહેલાથી જ પોતાનું સ્થાન બનાવી ચૂકી છે. આ મેચની વિજેતા ટીમ મંગળવારે સેમીફાઇનલમાં ઓસ્ટ્રેલીયા સામે રમશે, જ્યારે પરાજિત ટીમ બુધવારે દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

. . . . . . . . . . . . .

# RAMMOHAN NAIDU AIRPORT

કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી કે રામમોહન નાયડુએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર જનતાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને જ્યાં પણ જરૂર હોય ત્યાં વિમાનમથક વિકસાવવા માટે સક્રિય છે. હૈદરાબાદમાં કેન્દ્રીય કોલસા ખાણ મંત્રી જી. કિશન રેડ્ડી સાથે પત્રકારોને સંબોધતા શ્રી નાયડુએ જણાવ્યું હતું કે ક્રાંતિકારી ઉડાન યોજન અંતર્ગત સરકારે દ્વિતીય અને તૃતીય સ્તરના શહેરોમાં વિમાનમથકો વિક્સાવ્યા છે.

મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર તેલંગાણા રાજ્યના ભદ્રાદ્રી કોઠાગુડેમ જિલ્લામાં બીજું વિમાનથક વિકસાવવા માટે તૈયાર છે. રાજ્યમાં હાલ માત્ર એક જ કાર્યરત વિમાનમથક છે અને કેન્દ્રએ તાજેતરમાં વારંગલ નજીક મામનૂર વિમાનથકના વિકાસ માટે મંજૂરી આપી છે. તેમણે એમ પણ કહ્યું કે ભદ્રાદ્રી નજીકના એરપોર્ટ માટે રાજ્ય સરકારે બતાવેલ સ્થળ પર ફરી એકવાર શક્યતા અભ્યાસ હાથ ધરવામાં આવ્યો છે.

. . . . . . . . . . . . . . .